Vishva Samachar Weekly


RNI : GujGuj/2001/05622

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
લવાજમ અને જાહેરાતનો ચેક/ ડ્રાફ્ટ
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ
હોસ્પિટલ સામે,

Associated
PRESS OWNERS WELFARE ASSOCIATION

વિશ્વ સમાચાર
સાપ્તાહિક








PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA

E-mail : vishvasamacharindia@gmail.com

● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455

• Year : 24 • Issue : 23 • Dt. 03-03-2025 • Monday • Rs.5-00 • • Page-4


### ભક્તિભાવપૂર્વક પૂજા અર્ચના કરી

# વડાપ્રધાન મોદીએ સોમનાથ મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવ્યું

## મોદીએ સવારે જામનગર જિલ્લામાં આવેલા પશુ આરક્ષણ અને પુનર્વસન કેન્દ્ર વાન્તારાની મુલાકાત લીધી

સોમનાથ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતની મુલાકાતના ભાગરૂપે સોમનાથ મહાદેવ મંદિરની મુલાકાત લીધી હતી. જામનગરના વનતારાની મુલાકાત બાદ તેઓ સીધા સોમનાથ પહોંચ્યા હતા અને ભગવાન સોમનાથ મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવી પૂજા અર્ચના કરી હતી. સોમનાથ પહોંચ્યા બાદ, પ્રધાનમંત્રી થોડી મિનિટો માટે સર્કિટ હાઉસમાં ફ્રેશ થયા અને ત્યારબાદ તેઓ સીધા જ મહાદેવના દર્શન માટે રવાના થયા હતા. સોમનાથ ટ્રસ્ટ દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

મંદિર પરિસરમાં પ્રવેશ્યા બાદ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સૌપ્રથમ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ, મંદિરના વિદ્વાન પંડિતોએ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર કર્યા હતા, જ્યારે સંસ્કૃત યુનિવર્સિટી પાઠશાળાના વિદ્યાર્થીઓએ વૈદિક મંત્રોચ્ચાર દ્વારા વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું.

પ્રધાનમંત્રી મોદીએ સોમનાથ મહાદેવ મંદિરમાં જલાભિષેક કરીને વિશેષ પૂજા અર્ચના કરી હતી. તેમણે સોમનાથ મંદિરના શિખર પર સ્થાપિત થનારા ૧૦૦ સુવર્ણ કળશની પણ પૂજા કરી હતી. આ ઉપરાંત, પ્રધાનમંત્રીએ માર્કન્ડેય પૂજા અને ધ્વજ પૂજામાં પણ ભાગ લીધો હતો. સોમનાથ મહાદેવની પૂજા અર્ચના સંપન્ન કર્યા બાદ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાસણગીર જવા રવાના થયા હતા. તેમની આ મુલાકાત દરમિયાન સોમનાથ મંદિર ટ્રસ્ટના સભ્યો અને સ્થાનિક વહીવટીતંત્રના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાનમંત્રીની આ મુલાકાતને લઈને સોમનાથમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદી, જેઓ શનિવારે સાંજે ગુજરાતની મુલાકાતે પહોંચ્યા હતા, રવિવારે સવારે જામનગર જિલ્લામાં આવેલા પશુ આરક્ષણ અને પુનર્વસન કેન્દ્ર વાન્તારા ની મુલાકાત લીધી હતી. ૩૦૦૦ એકરમાં ફેલાયેલું વનતારા રિલાયન્સ જામનગર રિફાઈનરીના પરિસરમાં સ્થિત છે અને વન્યપ્રાણીસૃષ્ટિના કલ્યાણ માટે



સમર્પિત એક બચાવ કેન્દ્ર છે. આ કેન્દ્ર દુર્વ્યવહાર અને શોષણથી બચાવવામાં આવેલા પ્રાણીઓને આશ્રય, પુનર્વસન અને તબીબી સંભાળ પૂરી પાડે છે.

વડા પ્રધાન મોદીની વન્તારા મુલાકાત દરમિયાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના અધ્યક્ષ મુકેશ અંબાણી, તેમના પત્ની નીતા અંબાણી, પુત્ર અનંત અંબાણી અને પુત્રી ઈશા અંબાણી અને પુત્રવધૂ રાધિકા મર્ચન્ટ પણ તેમની સાથે રહ્યા હતા. વાન્તારા માં હાલમાં ૨૦૦ થી વધુ બચાવેલા હાથીઓ સહિત અનેક પ્રાણીઓની વડા પ્રધાન મોદી સોમવારે સાસણમાં એક રાત્રિ રોકાણ બાદ જંગલ સફારીનો આનંદ માણશે. વધુમાં, તેઓ નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફ (NBWL) ના ભૂતપૂર્વ પ્રમુખ તરીકે સિંઘ સદાન પરત ફરતાં NBWL ની બેઠકના અધ્યક્ષ પણ રહેશે. આ બેઠકમાં આર્મી ચીફ, વિવિધ રાજ્યોના સભ્યો, એનજીઓના પ્રતિનિધિઓ, ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન અને વિવિધ રાજ્યોના સચિવો સહિત ૪૭ સભ્યો ભાગ લેશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે બેઠક બાદ વડા પ્રધાન મોદી સાસણમાં કેટલીક મહિલા વન કામદારો સાથે પણ સંવાદ કરશે.

# માધબી પુરી બુચ અને સેબીના અધિકારીઓ સામે FIR દાખલ કરો

મુંબઈ

મુંબઈની વિશેષ ACB કોર્ટે શનિવારે કથિત શેરબજાર છેતરપિંડી અને નિયમનકારી ઉલ્લંઘનના કેસમાં સેબીના પૂર્વ ચેરમેન માધવી પુરી બુચ, બોમ્બે સ્ટોક એક્સચેન્જ અને SEBIના ટોચના અધિકારીઓ સામે FIR નોંધવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત કોર્ટે ૩૦ દિવસમાં કેસ સાથે સંબંધિત સ્ટેટસ રિપોર્ટ જમા કરાવવાનો પણ આદેશ આપ્યો છે.

વિશેષ એસીબી કોર્ટે કડક ટિપ્પણી કરતા કહ્યું કે, 'દસ્તાવેજો પરની સામગ્રી અને સમીક્ષા કર્યા બાદ કોર્ટને લાગ્યું છે કે, 'આરોપોમાં કોગ્નિઝેબલ ગુનાનો ખુલાસો થયો છે, તેથી તપાસની જરૂર છે. નિયમનકારી ભૂલો અને મિલીભગતના પ્રથમદર્શી પુરાવા છે, જેની નિષ્પક્ષ તપાસ કરવાની જરૂર છે.

કાયદાના અમલીકરણ અને સેબીની નિષ્ક્રિયતાના કારણે કલમ ૧૫૩(૩) CRPC હેઠળ ન્યાયિક હસ્તક્ષેપની જરૂર છે. કોર્ટે ટિપ્પણીમાં એસીબી અપરાધિક એમ.એ.સં.૬૦૩/૨૦૨૪નો પણ ઉલ્લેખ કર્યો છે. હિન્ડનબર્ગના રિપોર્ટમાં અદાણી જૂથના શેર્સમાં ગેરરીતિ થઈ હોવાના આરોપમાં સેબીના વડા માધબી પુરી બુચ અને તેમના પતિની પણ સંડોવણી હોવાનો આરોપ મૂકાયો હતો. જો કે, માધબી પુરી બુચ સતત આ આરોપોને નકારી રહ્યા છે.

# કૃત્રિમ બેટ બનાવી ભારતનું પ્રથમ ફ્લોટિંગ એરપોર્ટ બનાવાશે

પાલઘર

પાલઘર જિલ્લાના વાઢવણના દરિયા કાંઠે હજારો કરોડના ખર્ચે બંધાઈ રહેલા દેશના મોટામાં મોટા પોર્ટ પાસે સમુદ્રમાં કૃત્રિમ બેટ રચીને તેની ઉપર એરપોર્ટ બાંધવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે. સૂચિત એરપોર્ટને કેન્દ્ર સરકાર અને મહારાષ્ટ્ર સરકાર તરફથી પ્રાથમિક મંજૂરી મળી ગઈ છે.



હવે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની સહાયથી આ એરપોર્ટ વ્યવહારૂ બની રહેશે કે નહીં એ વિશે અભ્યાસ શરૂ કરવામાં આવશે. લોકસભાની ચૂંટણીના પ્રચાર વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વાઢવણના દરિયામાં એરપોર્ટની સૂચિત યોજનાનો સંકેત આપ્યો હતો. વાઢવણમાં ૭૦ હજાર કરોડથી વધુ ખર્ચે દેશના મોટા કન્ટેનર પોર્ટનું નિર્માણ થવાનું છે. એટલે વાઢવણને એક્સપ્રેસ-વે, હાઈવે તેમજ ડેડિકેટેડ રેલ ફ્રેટ કોરિડોરથી સાંકળવામાં આવશે. આ સાથે જ પોર્ટ નજીક એરપોર્ટની ખૂબ જ આવશ્યકતા છે. આ એરપોર્ટથી કાર્ગો પ્લેનની અવરજવર થઈ શકાશે, એટલું જ નહીં શિપિંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા દેશ-વિદેશના લોકો ચાર્ટર્ડ ફ્લાઈટમાં પહોંચી શકે એ માટે પણ વિમાનમથક જરૂરી છે.

દરમ્યાન વાઢવણ પાસે બે હેલિપેડ બાંધવાની યોજનાને આ અગાઉ મંજૂરી મળી ગઈ છે. મુંબઈના ઈન્ટરનેશનલ એરપોર્ટથી વાઢવણ ૧૨૫ કિલોમીટર દૂર છે. એટલે મુંબઈના એરપોર્ટ પરથી વાઢવણ સુધી હેલિકોપ્ટર અથવા ચાર્ટર્ડ પ્લેનમાં ગણતરીની મિનિટોમાં પહોંચી શકાશે. આ કારણથી વાઢવણ એરપોર્ટનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે.

*તંત્રીની કલમે................*

## રક્ષાસામગ્રીમાં વિદેશો પર નિર્ભરતાનો ખતરો


Editor- Nilay H. Mehta

હાલમાં જ આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા મુલાકાત દરમ્યાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સૌથી ઉન્નત યુદ્ધ વિમાન એફ-૩૫ની ભારતને વેચાણની ઓફર કરી. ત્યારબાદથી દેશમાં ચર્ચા છેડાયેલી છે કે ભારતે આ વિમાન ખરીદવાં જોઈએ કે નહીં. તેનું એક કારણ એ છે કે અમેરિકાની જેમ રશિયાએ પણ ભારતને પોતાના સૌથી ઉન્નત યુદ્ધ વિમાન સુખોઈ-૫૭ વેચવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ પ્રસ્તાવમાં સુખોઈ-૫૭નું ભારતમાં રશિયા દ્વારા નિર્માણ અને તેના સ્પેરપાર્ટ્સનું નિર્માણનું કામ ભારતીય કંપનીઓને આપવાનું પણ સામેલ છે. રશિયા આ સોદામાં પાંચમી પેઢીના યુદ્ધ વિમાનની ટેકનિક પણ હસ્તાંતરિત કરવા તૈયાર થઈ શકે છે, જેમાં ફાઈટર જેટ એન્જિન નિર્માણથી લઈને રડાર ટેકનિક પણ સામેલ હશે. મુશ્કેલી એ છે કે ભારતમાં ચર્ચા એના પર કેન્દ્રિત રહે છે કે કયા દેશ પાસે કયું હથિયાર ખરીદવું જોઈએ. આપણે આ પ્રશ્નમાં ગૂંચવાયા છીએ કે પાંચમી પેઢીના યુદ્ધ વિમાન અમેરિકાથી ખરીદવામાં આવે કે રશિયા પાસે, જ્યારે ચીન છઠ્ઠી પેઢીના સ્વનિર્મિત યુદ્ધ વિમાનનું પરીક્ષણ શરૂ કરી દેવાયું છે. ભારત ચોથી પેઢીના સ્વનિર્મિત હળવા યુદ્ધ વિમાન તેજસની વાયુસેનાને અપેક્ષિત પૂરવઠો જ નથી આપી શકતી. તેને લઈને ગત દિવસોમાં વાયુસેના પ્રમુખે પણ અસંતુષ્ટિ વ્યક્ત કરી હતી. જો આપણે યુક્રેન યુદ્ધને લઈને અમેરિકી દબાણ માની લેતા તો સંભવ છે કે તેજસ માટે જરૂરી અમેરિકી કંપની જીઈનાં એન્જિન મળી ગયાં હોત. જોકે તેજસ પણ સંપૂર્ણપણે સ્વદેશી તો નથી જ.

તેની અવગણના ન કરી શકાય કે રશિયા સેંકડો પ્રતિબંધો અને દબાણો છતાં ત્રણ વર્ષથી યુક્રેન યુદ્ધ એટલા માટે ચાલુ રાખી શક્યું, કારણ કે તે હથિયારોના નિર્માણ અને ઊર્જા સંસાધનો મામલે આત્મનિર્ભર છે. આ ક્ષમતા જ કોઈ દેશને ખરા અર્થમાં સંપ્રભુ મહાશક્તિ બનાવે છે. આ ક્ષમતાનું જ પરિણામ છે કે અમેરિકાના નવા સત્તાધીશ એ બખૂબી સમજે છે કે રશિયા જેવી આત્મનિર્ભર શક્તિને નિર્ણાયક રૂપે હરાવી ન શકાય અને તે હવે રશિયા સાથે સમજૂતીની વાત કરી રહ્યા છે. ભારત વિભિન્ન દેશો પર પોતાની નિર્ભરતાને કારણે આજ સુધી કોઈ યુદ્ધ એટલા લાંબા સમય સુધી ચલાવી જ નથી શક્યું અને યુદ્ધના મેદાનમાં જીતેલી બાજી પણ આપણે વિદેશી દબાણને કારણે મંત્રણાની મેજ પર હારતા રહ્યા છીએ. ૧૯૭૧નં યુદ્ધ ગુલામ કાશ્મીર પર કોઈ નિર્ણાયક ફેંસલો કર્યા વિના જ ઉતાવળમાં એટલા માટે આટોપી દેવાયું હતું, કારણ કે સોવિયેત નેતા અમેરિકા સાથે એક હદથી વધુ તકરાર વધારવા માગતા ન હતા અને આપણે રક્ષા અને બીજી બાબતો પર સોવિયેત સંઘ પર નિર્ભર હતા! આ જ કારણ છે કે ભારતના પહેલા સીડીએસ રહેલા સ્વર્ગીય જનરલ બિપિન રાવત ઈચ્છતા હતા કે ભારત પોતાનાં રક્ષા ઉપકરણો પોતે જ બનાવે અને જો તેઓ વિદેશી રક્ષા ઉપકરણોથી ગુણવત્તામાં થોડાં કમતર પણ હોય તો પણ સ્વદેશી ઉત્પાદનોને જ પ્રાથમિકતા આપવી જોઈએ. જનરલ રાવતનું કહેવું હતું કે જો કોઈ સ્વદેશી રક્ષા ઉત્પાદન ગુણવત્તાના ૭૦ ટકા માપદંડો પણ પૂરાં કરી દે તો વિદેશી સાજોસામાનના મુકાબલે તેને પ્રાથમિકતા મળવી જોઈએ.


**સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે**

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે તથા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક – યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

"વિશ્વ સમાચાર"

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com


### અંકલેશ્વર જીઆઈડીસીમાં ગાર્ડન સીટી રોડની ઘટના

# લાઈન્સ ઈન્ટરનેશનલ સ્કૂલમાં તસ્કરો ત્રાટક્યા હતા

## તસ્કરો ૮૦ હજારની ચોરી કરી ફરાર થઈ જતા ચકચાર

ભરૂચ

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ લાયન્સ ઈન્ટરનેશનલ સ્કૂલમાં તસ્કરોએ ત્રાટકી રોકડા રૂપિયા ૮૦ હજારની ચોરી કરી ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી છે. ચોરીની આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં તસ્કરોને તરખાટ જોવા મળી રહ્યો છે મકાનો અને દુકાન બાદ હવે શાળામાં પણ તસ્કરો ત્રાટક્યા હતા.

અંકલેશ્વર જીઆઈડીસીમાં ગાર્ડન સીટી રોડ પર આવેલ લાઈન્સ ઈન્ટરનેશનલ સ્કૂલમાં તસ્કરો ત્રાટક્યા હતા અને ઓફિસમાં રહેલ લોખંડના કબાટમાંથી રોકડ રૂપિયા ૮૦ હજારની ચોરીના ગુનાને અંજામ આપ્યો હતો.

શાળાના કલાર્ક ભરત સોનવણેએ ધોરણ ૧ થી ૯ના વિદ્યાર્થીઓના ફોટોશૂટ માટેના રૂપિયા ૮૦ હજાર એડમીન રૂમની તિજોરીમાં મૂક્યા હતા. જેની તસ્કરો ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરીની આ સમગ્ર ઘટના શાળામાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. જેમાં ૨ અજાણ્યા ઈસમો એડમીન રૂમના હાથફેરો કરતા નજરે પડી રહ્યા છે.

શાળા સંચાલકો દ્વારા આ અંગે પોલીસને જાણ કરાતા જીઆઈડીસી પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને ડોગસ્કવોડની મદદથી તસ્કરોનું પગેરું મેળવવા તપાસ શરૂ કરી છે. શાળાના કલાર્ક ભરત સોનવણેની ફરિયાદના આધારે પોલીસે તસ્કરોને ઝડપી પાડવા ચક્ર ગતિમાન કર્યા છે.

### ASIને કરાયા સસ્પેન્ડ

# અમદાવાદ પોલીસની દાદાગીરીના વીડિયો મામલે થઈ કાર્યવાહી

## પીસીઆર ઈન્ચાર્જ અને અન્ય પોલીસ જવાન દ્વારા બે શખ્સો સાથે અગમ્ય કારણોસર બબાલ થઈ હતી

અમદાવાદ

અમદાવાદ શહેરમાં પોલીસની દાદાગીરીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો.

વીડિયોમાં જોવા મળ્યું હતું કે, પોલીસે ફરજ દરમિયાન કોઈ અજાણ્યા શખ્સો સાથે ગંભીર રીતે અસભ્યપૂર્વક વર્તન કર્યું હતું. પીસીઆર ઈન્ચાર્જ અને અન્ય પોલીસ જવાન દ્વારા બે શખ્સો સાથે અગમ્ય કારણોસર બબાલ થઈ હતી. સમગ્ર મામલે અમદાવાદ પોલીસે ASI વિરૂદ્ધમાં કાર્યવાહી કરીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

અમદાવાદ પોલીસનું ફરી એક વખત વિવાદાસ્પદ વર્તન સામે આવ્યું હતું. જેમાં અમદાવાદ પોલીસનો દાદાગીરી કરતો વીડિયો વાઈરલ થયો હતો. જેમાં પોલીસે ફરજ દરમિયાન કોઈ અજાણ્યા શખ્સો સાથે ગંભીર રીતે અસભ્યપૂર્વક વર્તન કરીને ઝપાઝપી કરી હતી.

આ ઘટના દરમિયાન ASI વાહનચાલક શખ્સને કહે છે કે, 'રિવોલ્વરથી ગોળી મારી દઈશ.' આ ઉપરાંત, પોલીસે વાહનચાલકને અપશબ્દો પણ બોલી હોવાને લઈને વીડિયોમાં જોવા મળે છે. ભોગ બનનારા યુવકે સમગ્ર ઘટનાનો વીડિયો બનાવ્યો હતો. જ્યારે વીડિયો વાઈરલ થતાં અમદાવાદ પોલીસે ASI ભરતને સસ્પેન્ડ કરી દીધા હતા.

### જિલ્લા કલેક્ટરનું પણ નથી માનતું PGVCL!

# વીજ જોડાણ ન હોય છતા ખેડૂતને આવ્યું લાઈટ બિલ

ગીર ગઢડા

ગીર ગઢડા તાલુકાના વડવિયાળા ગામ ખાતે ખેડૂતો વીજ જોડાણ માટે અરજી કરી હતી. જો કે, આ પછી વીજ પોલ અને ટ્રાન્સફોર્મર લગાવાયું હતું. પરંતુ વીજ જોડાણ આપ્યું ન હતું. જ્યારે તેમ છતાં PGVCL દ્વારા ખેડૂતને ૫૨૦ રૂપિયાનું બિલ આપવામાં આવ્યું હતું.

રાજયમાં PGVCLની બેદરકારીની ઘટના સામે આવી છે. જેમાં ગીર ગઢડાના વડવિયાળા ગામમાં ભીખા દોમડિયા નામના ખેડૂતે ૨૩ મે, ૨૦૨૩ના રોજ વીજ જોડાણ માટે અરજી કરી હતી. આ પછી વીજ પોલ અને ટ્રાન્સફોર્મર લગાવાયું હતું, પરંતુ હજુ સુધી વીજ જોડાણ થયું ન હતું.

ખેડૂતે પોતાના ખેતરમાં બે વર્ષથી બોર બનાવ્યા હતા, પરંતુ વીજ જોડાણના અભાવે ચોમાસા સિવાય અન્ય પાક લઈ શકતા ન હતા. આ મામલે વાંધા અરજી કરતાં ખેડૂતની તરફેણાં ચુકાદો આવ્યા બાદ જિલ્લા કલેકટરે જોડાણ અંગે હુમક કર્યો હતો. જોકે, તેમ છતાં PGVCL દ્વારા હજુસુધી જોડાણ કરાયું ન હતું.

જેને લઈને ભીખા દોમડિયા છેલ્લા ૬ મહિનાથી વીજ કચેરીના ધક્કા લગાવી રહ્યા હતા. જ્યારે થોડા દિવસ પહેલા ખેડૂતને PGVCL દ્વારા ૫૨૦ રૂપિયાનું બિલ આવ્યું હતું.

કેરી પકવતા ખેડૂતો માટે સૌથી ખતરારૂપ સમાચાર

# આંબાવાડીઓમાં આંબા ઉપરના મોર કાળા પડી ગયા

## છેલ્લા કેટલાક સમયથી વાતાવરણમાં આવેલા બદલાવ અને પ્રતિકૂળ હવામાનને કારણે કેરીના પાકને નુકસાન

નવસારી

વાડીઓના પ્રદેશ વલસાડ જિલ્લામાં કેરી પકવતા ખેડૂતોએ આ વખતે પણ રોવાનો વારો આવી શકે છે. કારણ કે સીઝનની શરૂઆતમાં આંબા ઉપર ભરપૂર મોર બેઠા હતા. આથી ખેડૂતો મબલક પાકની અપેક્ષા રાખી બેઠા હતા.

જોકે છેલ્લા કેટલાક સમયથી વાતાવરણમાં આવેલા બદલાવ અને પ્રતિકૂળ હવામાનને કારણે કેરીના પાકને વ્યાપક નુકસાન થઈ રહ્યું છે. આંબાવાડીઓમાં આંબા ઉપરના મોર કાળા પડી ગયા છે. તો ક્યાંક મોર ખરી પડ્યા છે. આથી કેરીના પાકને વ્યાપક નુકસાન થઈ રહ્યું છે. મહત્વપૂર્ણ છે કે વલસાડ જિલ્લામાં અંદાજે ૩૫ હજાર હેક્ટરમાં વિસ્તારમાં આંબાવાડીઓ આવેલી છે. દર વર્ષે જિલ્લામાં હજારો ટન કેરીનું ઉત્પાદન થાય છે .વલસાડની જગવિખ્યાત આફૂસ કેરી દેશભરના સ્વાદ રસિકોને સ્વાદનું ઘેલું લગાવેલું છે. જોકે આ વખતે સીઝનની શરૂઆતમાં વલસાડ જિલ્લામાં આંબાવાડીઓમાં ભરપૂર મોર ખીલ્યા હતા. પાકને અનુકૂળ વાતાવરણ હોવાને કારણે આંબા ઉપર ભરપૂર મોર ઝૂલી રહ્યા હતા. આથી ખેડૂતોએ સીઝનની શરૂઆતમાં મબલક પાક ઉતરશે તેવી અપેક્ષા રાખી અને હરખાઈ રહ્યા હતા. જોકે છેલ્લા કેટલાક સમયથી જિલ્લામાં વાતાવરણમાં આવેલા અચાનક પલટા અને બદલાયેલા હવામાનને કારણે કેરીના પાક પર તેની પ્રતિકૂળ અસર થઈ રહી છે. અને આંબા ઉપરના મોર કાળા પડી ગયા છે.

તો મોટાભાગના મોર ખરી પડ્યા છે. આથી હવે જિલ્લામાં આંબાવાડીઓમાં ૨૫ થી ૩૦ ટકા જ કેરીના પાકનું ઉત્પાદન થશે તેવું લાગી રહ્યું છે.

વલસાડ જિલ્લાના ખેડૂતો છેલ્લા પાંચ વર્ષથી કેરીના પાકમાં નુકસાન વેઠી રહ્યાં હતાં..અને આ વખતે પણ જિલ્લા ના ખેડૂતો એ નુકસાન વેઠવાનો વારો આવી શકે છે.

સુસાઇડ નોટમાં લખ્યું- મારા મોત માટે કોઈ જવાબદાર નથી

# સુરતમાં ફરજ બજાવતા મહિલા પોલીસકર્મીએ જીવન ટૂંકાવ્યું

સુરત : સુરતમાં મહિલા પોલીસકર્મીએ આત્મહત્યા કરી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સુરત એરપોર્ટમાં ફરજ બજાવતા મહિલા પોલીસકર્મીએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈને મોતને વ્હાલું કર્યું હતું. મહિલા પોલીસે સુસાઈડ નોટ લખી હોવાનું સામે આવ્યું છે. જેમાં તેમણે લખ્યું હતું કે, જીવન જીવવાનો ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ હવે જીવવું ગમતું નથી. મારા મોત માટે કોઈ જવાબદાર નથી. સુરત પોલીસે મહિલા પોલીસકર્મીને ગાર્ડ ઓફ ઓનર આપ્યું હતું અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી. સુરત એરપોર્ટમાં ફરજ બજાવતા મહિલા પોલીસકર્મી શેતલ ચૌધરીએ તેમના ઘરે કોઈ કારણોસર આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે. મૃતક મહિલા પોલીસકર્મીના ઘરેથી પોલીસને સુસાઈડ નોટ મળી આવી હતી. મહિલા પોલીસકર્મી છેલ્લા આઠ વર્ષથી પોલીસ વિભાગમાં ફરજ બજાવતા હતા. મૃતક મહિલાની બહેને જણાવ્યું હતું કે, હું લાઈબ્રેરીમાંથી વાંચીને જ્યારે ઘરે પરત ફરી ત્યારે મને આ મામલે જાણવા મળ્યું હતું, મારી બહેન કામ પ્રત્યે ઘણી ગંભીર હતી. શેતલ વારંવાર ફોનથી કોઈ સાથે વાત કરતી હતી, પરંતુ કોણ છે એ ખ્યાલ નથી. મહિલા પોલીસનો મૃતદેહ બનાસકાંઠા લઈ ગયા છે, જ્યાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે. મહિલા પોલીસના આપઘાત મામલે સુરત પોલીસે સુસાઈડ નોટ અને ફોન મેળવીને વધુ તપાસ હાથ ધરી.

રિક્ષા પર પોસ્ટર લગાવી નોંધાવ્યો વિરોધ

# રિક્ષાચાલકોએ એપ્લિકેશનથી ચાલતા ખાનગી ટુ-વ્હીલર સામે આંદોલન શરૂ કર્યું

## કાર્યવાહી નહીં થાય તો ઉગ્ર આંદોલનની તૈયારી બતાવી

અમદાવાદ

આજકાલ ઓનલાઈન એપ્લિકેશન દ્વારા વહીકલ બૂક કરાવીને મુસાફરી કરવાનો ટ્રેન્ડ ઘણો વધી ગયો છે. એમાં પણ કશે પણ જવું હોય તો ટુ-વ્હીલર બૂક કરાવીને જલ્દી પહોંચી જવાય છે, એટલે ઘણા લોકો ઓનલાઈન એપ્લિકેશનથી ટુ-વ્હીલર બૂક કરાવતા હોય છે. ત્યારે હવે અમદાવાદના રિક્ષાચાલકોએ એપ્લિકેશનથી ચાલતા ખાનગી ટુ-વ્હીલરથી મુસાફરોને લઈ જવાનો વિરોધ કર્યો છે.

અમદાવાદના રિક્ષાચાલકોએ આની સામે આંદોલન શરૂ કર્યું છે. ઓનલાઈન એપ્લિકેશનમાં ચાલતા ટુ-વ્હીલર સામે અમદાવાદના રિક્ષાચાલકોએ પોસ્ટર યુદ્ધ શરૂ કર્યું છે. રિક્ષાચાલકોની માંગ છે કે સફેદ નંબર પ્લેટવાળા ટુ-વ્હીલર તાત્કાલિક બંધ કરવામાં આવે. અમદાવાદ રિક્ષા ચાલક એકતા યુનિયન દ્વારા પોસ્ટર યુદ્ધ શરૂ કરવામાં આવ્યું છે. RTOની મિટિંગમાં યોગ્ય પ્રતિસાદ ન મળતા આજથી પોસ્ટર યુદ્ધ શરૂ કરવામાં આવ્યું છે. રિક્ષાચાલકોએ રિક્ષા ઉપર પોસ્ટર લગાવી પોતાનો વિરોધ નોંધાવ્યો છે.

અમદાવાદ રિક્ષા ચાલક એકતા યુનિયનનું કહેવું છે કે સફેદ નંબર પ્લેટવાલા ટુ-વ્હીલર બંધ કરવા માટે છેલ્લા બે વર્ષથી સતત રજૂઆત કરાઈ રહી છે. આવા વાહન ચાલુ રહેતા રિક્ષા ચાલકોની રોજીરોટી બચાવવા આજથી આંદોલનની શરૂઆત કરવામાં આવી છે. ચાલકોએ રિક્ષાઓ પર પોસ્ટર લગાવ્યા છે. આ પોસ્ટર પર લખવામાં આવ્યું છે કે ઓનલાઈન એપ્લિકેશન દ્વારા પેસેન્જરમાં ચાલતા ગેરકાયદેસર સફેદ નંબર પ્લેટ ટુ-વ્હીલર બંધ કરો. છેલ્લા બે વર્ષથી રિક્ષા ચાલકોની રજૂઆત તે છતાં નિરાકરણ ન આવતા આંદોલનની શરૂઆત. પોસ્ટર યુદ્ધથી શરૂઆત બાદ, વિરોધ પ્રદર્શન બાદ, ભૂખ હડતાલ બાદ, રિક્ષા હડતાલ.

આ પોસ્ટર પરથી સ્પષ્ટ છે કે જો રિક્ષાચાલકોની માંગણી નહીં સંતોષાય તો, તેમની માંગણી પર કાર્યવાહી કરવામાં નહીં આવે તો આગળ જતા આંદોલન વધુ ઉગ્ર બની શકે છે.

રિક્ષાચાલકોએ આગળ જતા વિરોધ પ્રદર્શન તેમજ ભૂખ હડતાલ કરવાની પણ તૈયારી બતાવી છે. તેમજ રિક્ષા ચાલકો રિક્ષા બંધનું એલાન પણ જાહેર કરે, તેવી શકયતા છે.

## રોટરી સેવા સંસ્થાન દાહોદ દ્વારા ગાગંરડી મુકામે યોજાયેલ માનસિક રોગ ના નિવારણ માટે નો કાયૅક્રમ

દાહોદ : રોટરી સેવા સંસ્થાન દાહોદ દ્વારા વિવિધ આરોગ્ય લક્ષી તથા સામાજિક અને માનવસેવા ના કાર્યે કરવામાં આવે છે. રાષ્ટ્રીય માનસિક આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ગરબાડા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગાગંરડી ખાતે માનસિક રોગો ની સારવાર અને તેના નિવારણ માટે નો કાર્યક્રમ મેડીકલ ઓફીસર ડો તૃપ્તિ રાઠોડ તબીબો ડો.હરેશ પરમાર તથા આરોગ્ય વિભાગ ના કર્મચારીઓ તેમજ રોટરી સંસ્થા ના પ્રમુખ ડો.નરેશ ચાવડા અને સામાજિક આગેવાન અને પત્રકાર શ્રી દીનેશભાઈ પરમાર ની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ મા ગાગંરડી ની આજુબાજુના આશા વર્કરો. આગંણવાણી વર્કરો તેમજ દરદીઓ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમ મા માનસિક રોગો ના નિવારણ માટે નુ તબીબો તથા ઉપસ્થિત મહેમાનો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ.

# જામનગરમાં રોગચાળો વકર્યોઃ જી.જી. હોસ્પિટલમાં દર્દીઓની ભારે ભીડ

## જામનગરમાં ખાસ કરીને તાવ, શરદી અને ઉધરસના દર્દીઓ ની જી.જી. હોસ્પિટલમાં ભારે ભીડ રહે છે

જામનગર

જામનગરમાં રોગચાળો વકરી રહ્યો છે. ખાસ કરીને તાવ, શરદી અને ઉધરસ ના દર્દી ઓ ની જી.જી. હોસ્પિટલમાં ભારે ભીડ રહે છે. દૈનિક ૧૫૦થી ૨૦૦ જેટલા દર્દીઓ સારવારમાં આવી રહ્યા છે અને આશરે ૫૦ જેટલા દર્દીઓને દાખલ થયા છે.

ઠંડી ગરમ એમ મિશ્રઋતુ ના કારણે જામનગરમાં વાયરલ તાવ, શરદી અને ઉધરસના કેસ વધતા બાળકોમાં વધુ અસર જોવા મળી રહી છે અને જી.જી.હોસ્પિટલના પીડીયાટ્રીક વિભાગમાં ૯ વોર્ડ છે. તેમાં દૈનિક ૧૫૦થી ૨૦૦ બાળકો તાવ, શરદી અને ઉધરસની સારવાર માટે આવતાં તેમાંથી કેટલાક બાળકોને દાખલ કરવા પડે છે.

હાલ બાળકોના વોર્ડમાં બેડ ભરાઈ ગયા છે. નોર્મલ ૪ થી ૫ દિવસની સારવાર બાદ બાળક સ્વસ્થ થાય છે.

તેમાં પણ મોટા ભાગના બે વર્ષથી નાની ઉંમરના બાળકોમાં વધુ અસર જોવા મળે છે. તો મેડીસીન વિભાગમાં દૈનિક ૧૦૦ થી ૧૨૫ જેટલા લોકોની ઓપીડી હોય છે. જેમાં મોટા ભાગના દર્દીઓને અસર જ જોવા મળે છે. માત્ર ૧૦થી ૧૫ જેટલા લોકોને જ સારવાર માટે દાખલ કરવા ની જરૂર પડે છે.

મિશ્ર ઋતુના કારણે હાલની સિઝનમાં બાળકોમાં વાયરલ તાવ, શરદી અને ઉધરસના કેસ વધુ રહે છે. જેથી વાલીઓએ બાળકોને ભીડભાડવાળી, પ્રદુષણવાળી જગ્યાઓમાં ન લઈ જવા, માસ્ક પહેરાવીને રાખવું, સારો ખોરાક આપવો, જેથી બાળક સ્વસ્થ અને તંદુરસ્ત રહે. તેમ પીડીયાટ્રીક વિભાગના ડોકટરએ જણાવ્યું છે.

મિશ્ર ઋતુના કારણે તાવ, શરદી અને ઉધરસની બાળકોની ઝડપથી અસર થતી હોય છે. તેથી વાલીઓએ પોતાના બાળકને પ્રથમ સ્ટેજમાં બાળકોના ડોકટરને બતાવીને સારવાર કરાવી લેવી જોઈએ.

જો તેમાં બેદરકારી રાખે તો બાળકને શ્વાસમાં તકલીફ પડતી હોય છે તેમ પણ ડોકટરે ઉમેર્યું હતું.

## RTEની પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થયો

# પ્રવેશ પ્રક્રિયાને લઈને ૧૨ માર્ચ સુધી ઓનલાઈન ફોર્મ વાલીઓ ભરી શકશે

## પ્રવેશ મામલે લેભાગુ તત્વોથી સાવધાન રહેવા DEOની અપીલ

અમદાવાદ

RTEની પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થયો છે અને આ પ્રવેશ પ્રક્રિયાને લઈને ૧૨ માર્ચ સુધી ઓનલાઈન ફોર્મ વાલીઓ ભરી શકે છે. પરંતુ જે વાલીઓ પોતાના બાળકનું આરટીઈ હેઠળ પ્રવેશ લેવા માંગે છે તેઓ માટે આ સમાચાર મહત્વના છે. આવા વાલીઓને RTE પ્રવેશ માટે લેભાગુ તત્વોથી દૂર રહેવા અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારીએ અપીલ કરી છે. એટલું જ નહીં, જો વાલીઓ ઈક્રમટેક્સ રિટર્ન ભરતા હોય તો તેઓએ ITR અપલોડ કરવું ફરજિયાત છે.

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ગરીબ અને વંચિત બાળકો પણ ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવે તે હેતુથી દર વર્ષે આરટીઈ અંતર્ગત વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાની પ્રક્રિયા કરવામાં આવે છે. જેને લઈને આરટીઈ હેઠળ પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. અમદાવાદમાં ૧૪૭૭૮ સીટ ઉપર પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે. ત્યારે અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું કે જે વાલીઓ પોતાના બાળકનો આરટીઈ હેઠળ પ્રવેશ મેળવવા માંગે છે તેઓએ લેભાગુ તત્વોથી સાવધાન રહેવું.


સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન જ થવાની છે. જેમાં વાલીઓ ૧૨ માર્ચ સુધી ફોર્મ ભરી શકે છે. જે વાલીની આવક દોઢ લાખથી વધુ હોય તેવા વાલીઓએ ફોર્મ ન ભરવા આદેશ કરવામાં આવ્યો છે. ઘણીવાર વાલીઓ પ્રવેશ મેળવવા માટે ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરતા હોય છે. ખોટા ડોક્યુમેન્ટને લઈને ગત વર્ષે ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓના પ્રવેશ રદ કરાયા હતા.

ખોટા ડોક્યુમેન્ટના આધારે પ્રવેશ મેળવતા વાલીઓને કારણે ગરીબ અને વંચિત વર્ગના વિદ્યાર્થીઓ એડમિશનથી વંચિત રહે છે. જેથી વાલીઓને અપીલ કે ડોક્યુમેન્ટ યોગ્ય છે કે નહીં તે તપાસી લેવા. જે વાલીઓ ઈક્રમટેક્સ રિટર્ન ભરતા હોય તો ITR અપલોડ કરવું ફરજિયાત છે. મહત્વનું છે કે રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રવેશ પ્રક્રિયામાં આવક મર્યાદા શહેરી વિસ્તારમાં દોઢ લાખ અને ગ્રામ્ય વિસ્તારમાં ૧,૨૦,૦૦૦ નક્કી કરવામાં આવી છે. જેથી જે વાલીની આવક નિયમ મુજબ હશે તેવા જ વાલીઓના બાળકો RTE હેઠળ પ્રવેશ મેળવવા પાત્રતા ધરાવે છે.

# કચ્છમાં ચારો ચરી રહેલા ગૌવંશ ઉપર ભૂમાફિયાઓ દ્વારા એસિડ ફેંકાયો

ભુજ : કચ્છમાં ગૌચર જમીન ઉપર ચારો ચરી રહેલા ગૌવંશ ઉપર ભૂમાફિયાઓ દ્વારા એસિડ ફેંકવાની ઘટનાને પગલે ચોતરફ આક્રોશ ફેલાયો છે. જોકે, સ્થાનિક નાગરિકોએ તત્કાળ આ અંગે પગલાં લઈને એક નંદીને સારવાર માટે મોકલી આપ્યો હતો. કચ્છ જીલ્લામાં ગૌચર જમીનો ચરાતી જાય છે ભૂમાફિયાઓ દ્વારા ઠેકઠેકાણે દબાણો બેખૌફ બેરોકટોક બિંદાસ પણે અને મની મસલ સાથે માયાના તવાયફી ઠુમકાઓ તળે સબંધિત તંત્ર દબાતું જાય છે અને જે અવાજ ઉઠાવે એને તેરી ભી ચૂપ ઔર મેરી ભી ચૂપ કરી દેવામાં આવે છે.દીવા તળે અંધારા જેવા કામો કરવામાં આવે દર મહિને ચારથી પાંચ આસપાસ ગૌવંશો ઉપર એસીડ ફેંકવાના બનાવો અને કુહાડીના રીતસરના ક્રુરતાપૂર્વક નરાધમી નિષ્ઠુરી કૃર્તો એટલાં જ પ્રમાણે કલયુગની માનવતા મરી પરવારી છે એવા અર્ધમી કુકર્મો કરવા માંડયા છે. કચ્છના ખમીરવંતા ઘાતકીઓ દ્વારા થતા કૃત્યો સામે કચ્છભરના તમામ જીવદયાપ્રેમીઓમાં આક્રોશભર્યો ઉકળતો ચરૂ જોવા મળી રહ્યો છે. ભુજ ગૌ સેવા સમિતિ સાથે મુન્દ્રા રોડ પર આવેલા સુપાશ્વર જૈન સેવા મંડળ દ્વારા સંચાલિત સુપાશ્વર કરૂણાધામ પશુચિકિસ્તાલયની પશુચિકિસ્તકોની સમગ્ર ટીમ તથા જે તે વિસ્તારની જીવદયાપ્રેમીઓની સેવાકીય પ્રવૃત્તિઓમય સમિતિઓ દ્વારા આ ગૌવંશોને નવજીવન બક્ષવામાં કોઈ કસર નથી છોડતી તથા કચ્છની સંબંધિત સુરક્ષા એજન્સીઓમાં ફરીયાદો દાખલ કરવામાં માટે કાર્યવાહી કરતા હોય છે. ત્યારે કચ્છ જીલ્લાના જે તે સ્થળોમાં બનતા આવા બનાવો માટે એ તમામ સ્થળોની સુરક્ષા એજન્સીઓ ફક્ત જાણવા જોગ નોંધ કરી ફરીયાદોનું ફીંડલું વાળી ''સબ બરાબર માહૌલ'' જેવો તાલ સર્જી રહ્યા છે.

## શ્રી જગદીશદાસજી મહારાજ ની ઉપસ્થિતિમાં રામાનંદ પાર્ક ખાતે યોજાયેલ ફાગોત્સવ



દાહોદ. શ્રી રામજી મહારાજ મંદિર રામાનંદ પાર્ક ના મહામંડલેશ્વર શ્રી જગદીશદાસજી મહારાજ દ્વારા વિવિધ સામાજિક માગંલિક અને ધાર્મિક તથા સેવા ના કાર્યે કરવામાં આવે છે. તાજેતરમાં હોળી ધુળેટી ના તહેવાર ને અનુલક્ષીને રામાનંદ પાર્ક ખાતે શ્રી રાજ મહિલા મંડળ દાહોદ ની મહિલા ઓ તથા બહેનો દ્વારા રામાનંદ પાર્ક ખાતે હોળી ફાગોત્સ નો કાર્યેક્રમ કરવામાં આવ્યો હતો.

કાર્યેક્રમ નુ સંચાલન રામાનંદ પાર્ક ના સેવાભાવી સભ્ય ડો નરેશ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતુ.

શ્રી રાજ મહિલા મંડળ દાહોદ ના પ્રમુખ શ્રીમતી મણીબેન ધાનકા ના નેતૃત્વ મા મહીલા મંડળ ની બહેનોએ હોળી ધુળેટીના આનંદીત વાતાવરણ મા ફાગોત્સ નો આનંદ માણી ગરબે ધુમી ઝુમયા હતા.

મહામંડલેશ્વર શ્રી જગદીશદાસજી મહારાજ શ્રી નુ શ્રી રાજ મહિલા મંડળ દાહોદ ની બહેનો દ્વારા શાલ ફુલહાર થી સ્વાગત કરવામાં આવ્યું હતુ.

શ્રી જગદીશદાસજી મહારાજ દ્વારા ઉપસ્થિત બહેનો નેઆશીર્વાદ આપી મહિલા મંડળ દ્વારા કરવામાં આવતી ધાર્મિક અને સેવાકાર્ય ને બીરદાવી હતી મહિલા મંડળ ની બહેનો એ ભોજન પ્રસાદી નો આનંદ લીધો હતો.

## FORM IV

Statement about ownership and other particulars about newspaper (**VISHWA SAMACHAR**) to be published in the first issue every year after the March

| | | |
|---|---|---|
| 1. Place of publication | : | **Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).** |
| 2. Periodicity of its publication | : | Weekly |
| 3. Printer's Name | : | **DHARTI PRINTERS** |
| Nationality | : | INDIAN |
| Address | : | C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. |
| 4. Publisher's Name | : | **NILAYBHAI HARISHBHAI MEHTA** |
| Nationality | : | INDIAN |
| Address | : | **Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).** |
| 5. Editor's Name | : | **NILAYBHAI HARISHBHAI MEHTA** |
| Nationality | : | INDIAN |
| Address | : | **Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).** |

6. Names and addresses of individuals who own the newspaper and partners or shareholders holding More than one per cent of the total capital.

**NILAYBHAI HARISHBHAI MEHTA**, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**Date : 03 March. 2025**

**NILAYBHAI HARISHBHAI MEHTA**
**Signature of Publisher**




**PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).**